# વિક્રાંત મેસ્સી ખરેખર અભિનય છોડી રહ્યો નથી

ફિલ્મ ટી.વી

રાકેશ ઠક્કર



વિક્રાંત મેસ્સીના ચાહકોએ હવે નિરાશ થવાની જરૂર નથી. તેના તાજેતરના એક ઈન્ટરવ્યુએ બધી જ અટકળો ખોટી ગણાવી છે. તેણે સ્પષ્ટ કર્યું છે કે તેની પેલી સોશિયલ મીડિયા પોસ્ટ કોઈ ગિમિક કે પબ્લિસિટી સ્ટંટ નહોતી પણ એક કલાકારના મનની સાચી વેદના અને જરૂરિયાત હતી. વિક્રાંત મેસ્સીની સફર ટેલિવિઝનના નાના પડદા પરથી શરૂ થઈ હતી. 'બાલિકા વધૂ' જેવી સિરિયલોમાં કામ કર્યા બાદ તેણે બોલિવૂડમાં પગ મૂક્યો હતો. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તે ક્યારેય અભિનય કરતો હોય તેવું લાગતું નથી. તે પાત્રને જીવે છે. 'લુટેરા'માં સહાયક અભિનેતા હોય, 'મિર્ઝાપુર'માં બબલુ પંડિતની શાંત પણ તીક્ષ્ણ ભૂમિકા હોય કે પછી 'હસીન દિલરૂબા'નો પાગલ પ્રેમી હોય વિક્રાંતે સાબિત કર્યું છે કે તે કોઈપણ બીબામાં ઢળી શકે છે. તે બોલિવૂડનો એવો 'કોમન મેન' છે જેને જોઈને પ્રેક્ષકોને લાગે છે કે આ તો આપણી જ વાત છે. '૧૨મી ફેલ'માં મનોજકુમાર શર્મા તરીકેનો તેનો અભિનય અદભૂત હતો. ગરીબી, સંઘર્ષ અને નિર્દોષતા તેના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. લોકો કહે છે કે તેણે આ પાત્ર માટે પોતાનું વજન ઘટાડ્યું અને તડકામાં બેસીને પોતાની ત્વચાને ટેન કરી હતી. જેથી તે ખરેખર ગામડાના સંઘર્ષી યુવાન જેવો દેખાય. '૧૨મી ફેલ'ની સફળતા પછી તેના પર કામનું ભારણ વધી ગયું હતું. તે મનથી એટલો થાકી ગયો હતો કે અભિનયમાંથી થોડો સમય દૂર જવાની જરૂર લાગી છે. જ્યારે તેણે નિવૃત્તિની વાત કરી ત્યારે લોકોએ તેને ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' સાથે જોડી દીધી હતી. પરંતુ વિક્રાંતે સ્પષ્ટ કર્યું છે કે લોકોને લાગ્યું કે આ પ્રમોશન છે પણ હકીકતમાં હું શારીરિક અને માનસિક રીતે રિચાર્જ થવા માંગતો હતો. વિક્રાંત અભિનય કાયમ માટે છોડી રહ્યો નથી પણ એક લાંબો વિરામ લઈ રહ્યો છે. જેથી ફરીથી નવા જોશ સાથે પાછો ફરી શકે. આ વિરામ તેના ચાહકો માટે કદાચ નિરાશાજનક હોઈ શકે પણ એક કલાકાર તરીકે તે ખૂબ જરૂરી છે. વિક્રાંતે સાબિત કર્યું કે તેના માટે માનસિક શાંતિ અને પરિવાર પ્રસિદ્ધિ કરતા વધુ મહત્વના છે. વિક્રાંત મેસ્સી એક લાંબી રેસનો ઘોડો છે. તે અત્યારે ભલે થોડા સમય માટે મેદાનની બહાર જઈ રહ્યો હોય પણ જ્યારે તે પાછો ફરશે ત્યારે ચોક્કસપણે કંઈક એવું લઈને આવશે જે ફરીથી આપણને આશ્ચર્યચકિત કરી દેશે. •


# હીરોઈન ભૂમિ પેડનેકરને હવે વેબસીરિઝનો આશરો છે!

શું ભૂમિ પેડનેકરને કદાચ ખબર પડી ગઈ છે કે હવે તેનું ભવિષ્ય મોટા પડદા પર ખાસ નથી? એવો સવાલ થવાનું કારણ એની છેલ્લી ફિલ્મ 'ધ લેડી કિલર' ની બોક્સ ઓફિસની નિષ્ફળતા અને નવી વેબસિરીઝ 'દલદલ' છે. અત્યારે બોલિવૂડમાં સ્ત્રી-કેન્દ્રિત ફિલ્મોને થિયેટરમાં પ્રેક્ષકો મેળવવામાં સંઘર્ષ કરવો પડે છે. આવી સ્થિતિમાં 'દલદલ' કે 'ભક્ષક' (OTT ફિલ્મ) જેવી કૃતિઓ ભૂમિને એક સશક્ત અભિનેત્રી તરીકે જીવંત રાખે છે. જો તે માત્ર ફિલ્મો પર ધ્યાન આપે અને બોક્સ ઓફિસ પર ન ચાલે તો તેની કારકિર્દીને નુકસાન થઈ શકે છે. વેબસીરિઝ કરવાથી તેને અભિનયની વધુ સારી તક મળે છે. ફિલ્મોમાં સામાન્ય રીતે 2 કલાકનો સમય હોય છે, જ્યારે વેબ સીરિઝ 5-7 કલાકની હોય છે. 'દલદલ' જેવી સીરિઝમાં ભૂમિને 'રીટા ફરેરા' જેવા જટિલ પાત્રના માનસિક સંઘર્ષ અને ભૂતકાળને વિગતવાર બતાવવાની તક મળી છે. જે ફિલ્મમાં કદાચ શક્ય બન્યું ના હોત. ભૂમિએ આખી સીરિઝમાં એક ગંભીર અને ઉદાસ દેખાતી ઓફિસરનું પાત્ર ભજવ્યું છે. શરૂઆતમાં કદાચ તેનો અભિનય એકસરખો લાગશે પરંતુ છેલ્લા એપિસોડમાં તેની પાછળનું કારણ સ્પષ્ટ થાય છે. દીપક તિજોરીની પુત્રી સમરાએ શાનદાર અભિનય કર્યો છે અને તે એક મોટા સરપ્રાઈઝ તરીકે ઉભરી આવે છે. એમેઝોન પ્રાઈમ વિડિયો પરની આ સીરિઝમાં કુલ ૭ એપિસોડ છે. જે અંદાજે ૪-૫ કલાકમાં પૂરી થાય છે. જો ખાસ કોઈ અપેક્ષા વગર જોવામાં આવે તો આ સીરિઝ ચોક્કસ સરપ્રાઈઝ કરશે. સાયકોલોજીકલ અને સાયકો એંગલ જે રીતે બતાવવામાં આવ્યા છે તે પ્રશંસનીય છે. સૌથી મોટો નબળો મુદ્દો એ છે કે ખૂની કોણ છે એની બીજા એપિસોડમાં જ ખબર પડી જાય છે. જો તેને છેલ્લે સુધી છુપાવી રાખવામાં આવ્યો હોત તો વધુ ઉત્સુકતા જળવાઈ રહી હોત. અને પહેલી હત્યાનું જોડાણ મુખ્ય વાર્તાના પ્લોટ સાથે ક્યાંય બેસતું નથી. જે એક મોટી ભૂલ લાગે છે. સીરિઝમાં ઘણા ટ્વિસ્ટ અને ટર્ન્સ છે. જેમ જેમ તમે ઊંડા ઉતરશો તેમ વાર્તા વધુ જટિલ બનતી જશે. ખાસ કરીને છેલ્લા બે એપિસોડ વાર્તાને અલગ જ સ્તર પર લઈ જાય છે. અને પાત્રના ભૂતકાળ સાથે જોડે છે. પ્રેક્ષકોને દરેક પાત્ર પર શંકા કરવા મજબૂર કરે છે. આ સીરિઝમાં કોઈ પણ પ્રકારની અશ્લીલતા નથી. થોડી હિંસા અને સામાન્ય ગાળો છે. ક્લાઈમેક્સમાં વાર્તા થોડી સ્ત્રી વિરુદ્ધ પુરુષના મુકાબલામાં ફેરવાઈ જાય છે અને વિલનના પાત્રને કદાચ ઓછો સ્પેસ મળ્યો હોય તેવું લાગે છે. છતાં સસ્પેન્સ માટે આ સીરિઝ એક વાર જોવા જેવી લાગે છે. •



## પાકિસ્તાનની હાલત 'ધોબીના કૂતરા' જેવી કેમ?

# અમેરિકાથી દૂરી અને ચીનની મજબૂરી વચ્ચે અટવાયેલું ઈસ્લામાબાદ હવે ક્યાં જશે?



**પાકિસ્તાને સ્વીકારવું પડશે કે તેની અસલી લડાઈ ભારત સાથે નહીં પણ પોતાની અંદર વસેલા 'ધાર્મિક કટ્ટરવાદ' અને 'સેનાના અહંકાર' સામે છે. ભારતની લોકશાહી અને આર્થિક સ્થિરતા આજે પાકિસ્તાન માટે એક અરીસો છે, જેમાં તેને માત્ર પોતાની નિષ્ફળતા જ દેખાય છે**

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફનું એક નિવેદન - 'અમેરિકા માટે અફઘાનિસ્તાનમાં લડવું એ અમારી સૌથી મોટી વ્યૂહાત્મક ભૂલ હતી', તે માત્ર એક મંત્રીનું નિવેદન નથી પણ પાકિસ્તાની એસ્ટાબ્લિશમેન્ટ (સેના અને સરકાર)નો એક મોડો જાગેલો પસ્તાવો છે. પાંચ દાયકા સુધી અમેરિકાના 'ફ્રન્ટલાઈન એલાઈ' રહેલા પાકિસ્તાનને આજે સમજાયું છે કે ભાડાના સૈનિક બનીને લડવામાં આવેલી લડાઈએ તેના પોતાના જ ઘરને આતંકવાદની આગમાં હોમી દીધું છે. આજે પાકિસ્તાન જે આર્થિક અને સુરક્ષાની કટોકટીનો સામનો કરી રહ્યું છે, તેના મૂળ આ 'વ્યૂહાત્મક ભૂલો'માં છુપાયેલા છે.

૧૯૮૦ના દાયકામાં સોવિયત સંઘ વિરુદ્ધના મુજાહિદ્દીન યુદ્ધથી લઈને ૨૦૦૧ના 'વોર ઓન ટેરર' સુધી, પાકિસ્તાને અમેરિકા પાસેથી અબજો ડોલરની મદદ મેળવી. બદલામાં તેણે પોતાની જમીનનો ઉપયોગ અફઘાનિસ્તાનમાં હસ્તક્ષેપ કરવા માટે કરવા દીધો. પાકિસ્તાન વર્ષો સુધી એક તરફ અમેરિકા પાસેથી ડોલર લેતું રહ્યું અને બીજી તરફ તાલીબાનને આશરો આપતું રહ્યું. ખ્વાજા આસિફે સ્વીકાર્યું છે કે આ નીતિએ પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે એકલું પાડી દીધું છે.

જે તાલીબાનને પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં સત્તા અપાવવા મદદ કરી, આજે તે જ તાલીબાનની છત્રછાયા હેઠળ પાકિસ્તાની તાલીબાન (ટીટીપી) પાકિસ્તાની સેના પર હુમલા કરી રહ્યા છે. આ 'વ્યૂહાત્મક ઊંડાણ'ની નીતિ હવે પાકિસ્તાન માટે ગળાનો ફાંસો બની ગઈ છે. જ્યારે અમેરિકાએ હાથ પાછા ખેંચ્યા ત્યારે પાકિસ્તાને ચીનનો પાલવ પકડ્યો. 'આયર્ન બ્રધરહુડ' અને ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરના નામે ચીને પાકિસ્તાનમાં મોટું રોકાણ કર્યું છે. ખ્વાજા આસિફ અને ઈસ્લામાબાદના નેતાઓ ચીનને પોતાનો એકમાત્ર રક્ષક માને છે પરંતુ હકીકત એ છે કે ચીની રોકાણ મોટાભાગે લોનના સ્વરૂપમાં છે. પાકિસ્તાન પાસે અત્યારે ચીનનું વ્યાજ ચૂકવવાના પણ પૈસા નથી.




બલૂચિસ્તાનમાં ચીની નાગરિકો પર થતાં હુમલાઓએ ચીન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તિરાડ પાડી છે. ચીન હવે પાકિસ્તાની સેનાની ક્ષમતા પર શંકા કરી રહ્યું છે અને પોતાની સુરક્ષા જાતે સંભાળવાની માગ કરી રહ્યું છે, જે પાકિસ્તાનના સાર્વભૌમત્વ માટે મોટો ખતરો છે.

પાકિસ્તાન હંમેશાં પોતાની જાતને મુસ્લિમ વિશ્વના નેતા તરીકે જોતું આવ્યું છે કારણ કે તે એકમાત્ર મુસ્લિમ પરમાણુ શક્તિ ધરાવતો દેશ છે પરંતુ આર્થિક કંગાલિયતે આ છબીને ધૂળમાં મેળવી દીધી છે. સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત હવે પાકિસ્તાનને માત્ર 'મદદ માગતાં ભિખારી' તરીકે જુએ છે. આ દેશો હવે ભારત સાથે મજબૂત વેપારી સંબંધો બાંધી રહ્યા છે (જેમ કે આઈએમઈસી કોરિડોર.) કાશ્મીર મુદ્દે પણ આ દેશોએ હવે પાકિસ્તાનને ખુલ્લું સમર્થન આપવાનું બંધ કરી દીધું છે. ખ્વાજા આસિફનો સંકેત એ છે કે પાકિસ્તાને ઈસ્લામિક વિશ્વમાં પોતાનો પ્રભાવ પાછો મેળવવો પડશે પણ પ્રશ્ન એ છે કે જે દેશનું અર્થતંત્ર આઈએમએફના ટેકે ચાલે છે, તેની વાત કોણ સાંભળશે?

ખ્વાજા આસિફના નિવેદનોમાં ક્યાંક ને ક્યાંક એ સ્વીકાર પણ છે કે ભારત સાથેના દુશ્મનાવટભર્યા સંબંધોએ પાકિસ્તાનને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે. ભારત આજે 5 ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યું છે, જ્યારે પાકિસ્તાન ડિફોલ્ટ થવાની અણી પર છે. પાકિસ્તાની નેતાઓને હવે સમજાયું છે કે કાશ્મીરના નામે જે આતંકવાદ તેમણે પોષ્યો, તેણે ભારતના બદલે પાકિસ્તાનના લોકતંત્રને જ ખતમ કરી દીધું છે.

ખ્વાજા આસિફનો ઈન્ટરવ્યૂ એ વાતની પુષ્ટિ કરે છે કે પાકિસ્તાન હવે એક એવા મોડ પર છે જ્યાં તેની પાસે બહુ ઓછા વિકલ્પો બચ્યા છે. અમેરિકાને હવે અફઘાનિસ્તાનમાં રસ નથી, તેથી પાકિસ્તાનની 'ભૌગોલિક લોકેશન'ની કિંમત ઘટી ગઈ છે. પાકિસ્તાનની વિદેશનીતિ હજુ પણ રાવલપિંડી (સેનાનું મુખ્યાલય)થી નક્કી થાય છે. જ્યાં સુધી સેના સત્તા છોડશે નહીં, ત્યાં સુધી કોઈ પણ સંરક્ષણ મંત્રીના નિવેદનો માત્ર 'નિવેદનો' જ બનીને રહેશે.

'તમે તમારા પાડોશીના ઘરમાં આગ લગાડો, ત્યારે એ આશા ન રાખી શકો કે તેનો ધુમાડો તમારા ઘરમાં નહીં આવે.' પાકિસ્તાને દાયકાઓ સુધી આ જ કર્યું છે અને આજે તે ધુમાડામાં ગૂંગળાઈ રહ્યું છે. ખ્વાજા આસિફનું આ નિવેદન ખરેખર હૃદય પરિવર્તન છે કે પછી અમેરિકા પાસેથી વધુ ફંડ મેળવવા માટેની નવી ચાલ? પાકિસ્તાન હંમેશાં પશ્ચિમી દેશોને ડરાવતું રહ્યું છે કે જો તમે અમને મદદ નહીં કરો તો અમે ચીન કે રશિયા તરફ જતા રહીશું પરંતુ હવે દુનિયા આ રમત સમજી ગઈ છે. પાકિસ્તાન માટે હવે સમય આવી ગયો છે કે તે 'વ્યૂહાત્મક ભૂલો' સુધારવા માટે નક્કર પગલાં ભરે, આતંકવાદી જૂથોને ખતમ કરે, ચીન સાથેના દેવાના સોદા પારદર્શક બનાવે અને ભારત સાથે વેપારના માર્ગો ખોલે. જો આવું નહીં થાય તો પાકિસ્તાન ઈતિહાસના પાનાંઓમાં એક 'ફેઈલ્ડ સ્ટેટ' તરીકે જ રહી જશે.

પાકિસ્તાને દાયકાઓ સુધી પોતાની ઓળખ માત્ર 'ભારતના વિરોધી' તરીકે ઊભી કરી છે. ભારત જ્યારે ઈસરો દ્વારા ચંદ્ર અને મંગળ પર પહોંચવાનાં સપનાં જોતું હતું અને અર્થતંત્રને ડિજિટલ બનાવી રહ્યું હતું ત્યારે પાકિસ્તાન રાવલપિંડીના હેડક્વાર્ટરમાં બેસીને 'આતંકવાદના બજેટ' બનાવી રહ્યું હતું. ખ્વાજા આસિફનો પસ્તાવો એ વાતનો પુરાવો છે કે પાકિસ્તાને ભારતને રોકવા માટે જે ખાડો ખોદ્યો હતો, આજે તે પોતે જ તેમાં ખાબક્યું છે. ભારતની પ્રગતિ જોઈને હવે પાકિસ્તાનને સમજાયું છે કે આતંકવાદ એ નિકાસ કરવાની વસ્તુ નથી પણ એ તો એવો સાપ છે જે પાળનારને જ કરડે છે.

પાકિસ્તાન આજે જે ગર્વથી ચીન સાથેના સંબંધોની વાત કરે છે, તે હકીકતમાં તેની આર્થિક ગુલામીની શરૂઆત છે. ગ્વાદર પોર્ટથી લઈને સીપેક સુધી, પાકિસ્તાને પોતાની જમીન ચીનને ગીરો મૂકી દીધી છે. ભારત માટે આ ચિંતાનો વિષય ચોક્કસ છે પણ પાકિસ્તાન માટે આ 'સાર્વભૌમત્વનું વેચાણ' છે. ચીન ક્યારેય કોઈનો મિત્ર નહીં બન્યું, તે માત્ર રોકાણકાર છે. આજે પાકિસ્તાન એ સ્થિતિમાં છે કે તેને શ્વાસ લેવા માટે પણ બેજિંગની મંજૂરી લેવી પડે છે. ખ્વાજા આસિફ ભલે તેને 'વ્યૂહાત્મક ઝુકાવ' કહે પણ વિશ્વ તેને 'ચીનનું નવું રાજ્ય' કહી રહ્યું છે.

ભારતે પાકિસ્તાનના આ 'બદલાયેલા સૂર'થી છેતરાવાની જરૂર નથી. પાકિસ્તાન જ્યારે પણ આર્થિક રીતે કંગાળ થાય છે, ત્યારે તે શાંતિ અને જૂની ભૂલોની વાતો કરવા લાગે છે. આ તેમની જૂની રમત છે, જ્યારે તિજોરી ખાલી હોય ત્યારે નરમ પડવું અને જેવી આઈએમએફ કે ચીન પાસેથી લોન મળે કે તરત જ ફરીથી સરહદ પર ગોળીબાર શરૂ કરવો.

ભારતનું કડક સ્ટેન્ડ - 'વાતચીત અને આતંક સાથે ન ચાલી શકે' એ પાકિસ્તાનની શાન ઠેકાણે લાવવા માટે પૂરતું છે. પાકિસ્તાન આજે પશ્ચાત્તાપ નથી કરી રહ્યું, પણ તે પોતાની કંગાલિયત છુપાવવા માટે 'વિક્ટિમ કાર્ડ' રમી રહ્યું છે. પાકિસ્તાને સ્વીકારવું પડશે કે તેની અસલી લડાઈ ભારત સાથે નહીં પણ પોતાની અંદર વસેલા 'ધાર્મિક કટ્ટરવાદ' અને 'સેનાના અહંકાર' સામે છે. ભારતની લોકશાહી અને આર્થિક સ્થિરતા આજે પાકિસ્તાન માટે એક અરીસો છે, જેમાં તેને માત્ર પોતાની નિષ્ફળતા જ દેખાય છે. ખ્વાજા આસિફના શબ્દો એ ડૂબતા માણસની ચીસ છે, જેણે સમુદ્રમાં ઝેર રેડ્યું હતું અને હવે તેને પીવા માટે મજબૂર બન્યો છે.•

# બોલ મળી રહેશે, મિત્રો નહીં મળે

આંખની અટારી

★ હેમુ ભીખુ

કહેવાય છે કે એક જમાનામાં અગિયાર મિત્રો ભેગાં થઈ, પરચુરણ ભેગું કરી, ક્રિકેટ રમવા માટે બોલ ખરીદતા હતાં. આજે કદાચ દરેક પાસે બોલ ખરીદવાની ક્ષમતા છે, પરંતુ તે અગિયાર મિત્રો નથી મળતાં. સમાજ સાધન સંપન્ન થતો જાય છે અને મિત્રો ખોવાતાં જાય છે. આ માટે ઘણાં માત્ર મોબાઈલને દોષ આપે છે, પણ તે યોગ્ય નથી. જીવનનો અગ્રતાક્રમ, સામાજિક માળખું, આર્થિક સમીકરણો, મનોરંજન માટેની માનસિકતા તથા શારીરિક કાર્ય માટે ઉદાસીનતા જેવાં અનેક કારણો આ પરિસ્થિતિ માટે કાર્યરત છે.

પ્રથમ, એમ જણાય છે કે જીવનમાં પૈસાનું જ મહત્વ રહ્યું છે. એમ માનવામાં આવે છે કે પૈસો હોય તો બોલ તો શું મિત્રો પણ પ્રાપ્ત થઈ જાય. જો સંપન્નતા હોય તો સંબંધો પણ મળી શકે તે પ્રકારની માન્યતા દ્રઢ થઈ ગઈ છે. હકીકતમાં આમ જોવાં પણ મળે છે. ઘનિષ્ઠતા અને તાદાત્યતાની વાત જવા દઈએ તો જે વ્યક્તિ સંપન્ન છે, જે તે કારણોસર, તેનાં મિત્રો પણ ઘણાં હોય છે. માત્ર પ્રશ્ન એ છે કે તેમને મિત્ર કહેવાય કે કેમ. છતાં પણ આમ ચાલ્યાં કરે છે. બીજું, આટલી ભાગદોડ વાળી જિંદગીમાં બાર મિત્રોને ભેગાં કરવાં, એક મેદાન શોધી ત્યાં પહોંચવું, નિર્ધારિત સમય મુજબનું ક્રિકેટ રમવું, અને અંતે વધુ થાકીને ઘરે પહોંચવું. આનાં વિકલ્પ તરીકે વિડીયો ગેમમાં ક્રિકેટ રમી લેવાતું હોય તો તેમાં ખોટું શું છે - કોઈ એમ પૂછી શકે. આ પ્રકારનાં ક્રિકેટનો પણ વિશેષ રોમાંચ હોય, અહીં પણ હારજીત હોય, અને ક્રિકેટના નામી ખેલાડીઓ સાથેની આ રમત હોય. આ રમત બીજા દિવસે ફરીથી શરૂ કરી પણ શકાય. ટૂંકા સમયમાં, શારીરિક શ્રમ વગર રમતનો ભ્રામક અનુભવ અહીં થઈ શકે.

**આજે કદાચ દરેક પાસે બોલ ખરીદવાની ક્ષમતા છે, પરંતુ તે અગિયાર મિત્રો નથી મળતાં. સમાજ સાધન સંપન્ન થતો જાય છે અને મિત્રો ખોવાતાં જાય છે**

ત્રીજું, હવે મિત્રોને ભેગા કરવા ને બદલે જ્યાં લોકો ભેગાં થયાં હોય ત્યાં પહોંચી જવાનું નક્કી થાય છે. આ માટે ક્લબ કે 'પબ' જેવી જગ્યા માટેનું આકર્ષણ રહે. ત્યાં ગયાં પછી જે થતું હોય તેમાં જોડાઈ જવાનું, ક્યારેક તેમાં પસંદગી પણ મળી શકે. અહીં માહોલ તૈયાર જ હોય, માત્ર તેમાં સંમિલિત થવાનું હોય. અહીં કેટલાંક વિકલ્પો પણ મળી રહે, મિત્ર માટે પણ અને પ્રવૃત્તિ માટે પણ. જો સંપન્નતા હોય તો સરળતાથી આ પરિસ્થિતિ વ્યક્તિની પસંદગી હોઈ શકે. ચોથું, સમય એવો છે કે કોઈ એક પ્રવૃત્તિ માટેનો લગાવ લાંબા સમય સુધી ટકતો નથી. હવે તો દસ મિનિટના વિડીયોના સ્થાને એક-એક મિનિટની રીલ પ્રત્યે લગાવ હોય છે. શહેરોમાં જે ગેમ-ઝોન બનાવવામાં આવે છે તેની પાછળનો મુખ્ય હેતુ આ પ્રકારની માનસિકતાનો લાભ મેળવવાનો હોય છે. અહીં ઘણું બધું મળી રહે, બધાં પ્રકારનું મળી રહે. અહીંની પ્રવૃત્તિઓ એ પ્રકારની હોય છે કે તેમાં કોઈ મિત્રની આવશ્યકતા પણ ન હોય. બસ પોતાની મસ્તીમાં, જ્યાં સુધી ઈચ્છા હોય ત્યાં સુધી, પોતાની મરજી પ્રમાણેની રમતિયાળ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહી શકાય. આધુનિક માનસિકતા પ્રમાણે સમાજના અમુક વર્ગ માટે આ એક ઈચ્છનીય વિકલ્પ છે.

પાંચમું, ક્યારેક એમ જણાય છે કે સાંપ્રત સમયે વ્યક્તિને રમત-ગમતમાં પ્રવૃત્ત થવાને બદલે હરવા-ફરવાની વધારે ઈચ્છા હોય છે. જેટલો સમય મળે, જ્યારે સમય મળે, ત્યારે ક્રેડિટ કાર્ડ લઈને નીકળી જવાનું. ત્યાં ફોટાં પાડવા માટે થોડું હરવા-ફરવાનું, ખાવા-પીવાનું અને એક પ્રકારનો સંતોષ મેળવી પરત ફરવાનું. પ્રવૃત્તિ સારી છે પણ રમત-ગમતનો આ વિકલ્પ ન હોઈ શકે. છઠ્ઠું, હવે તો લોકોને જ્યાં બેઠાં હોય ત્યાં જ પ્રવૃત્તિ કરી લેવી છે. એક દ્રષ્ટિકોણ પ્રમાણે રમતગમત એ શારીરિક પરિસ્થિતિમાં બદલાવ માટે છે અને બીજાં દ્રષ્ટિકોણ પ્રમાણે તે મનોરંજન માટે છે. આ બંને હેતુને હવે ભિન્ન કરી દેવાયાં છે. શારીરિક પ્રવૃત્તિ માટે જીમ હોય છે અને મનોરંજન માટે તો મોબાઈલ છે જ. હવે ક્રિકેટ રમવા અગિયાર મિત્રોની આવશ્યકતા નથી. હવે 'વાસ્તવિક' ક્રિકેટ જ આવશ્યક નથી. હવે તો જીમમાં પણ મનોરંજન માટે એક હાથમાં મોબાઈલ રાખી શકાય છે.

યાદી લાંબી થઈ શકે, મુખ્ય વાત એ છે કે હવે ક્રિકેટ, ક્રિકેટનો દડો અને અગિયાર મિત્રોની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. વર્તમાન સમયે, ક્રિકેટ એટલે એવી પ્રવૃત્તિ જેમાં પરિસ્થિતિમાં બદલાવની અનુભૂતિ હોય, ક્રિકેટનો દડો એટલે એવી બાબત જેનાં આધારે અને જેની સહાયથી આ બદલાવ વાસ્તવિક બની શકે, અને અગિયાર મિત્રો એટલે જે કોઈ હાજર છે તેનો સહયોગ, પછી તે મશીન પણ હોઈ શકે. અહીં ક્રિકેટની રમત માટે જે સમય જોઈએ તેનાં કરતાં ઘણાં ઓછાં સમયમાં રમતનો 'નશો' મળી શકે. આ પ્રકારની પ્રવૃત્તિ એક રીતે 'કોન્સન્ટ્રેટેડ ડોઝ' સમાન હોય છે, જેનાથી પરિણામ પ્રાપ્ત થયાનો સંતોષ મળી શકે. પરંતુ, સમજવાની વાત એ છે કે આ બધામાં શારીરિક ક્ષમતા વિકસતી નથી, શારીરિક પ્રવૃત્તિ થતી નથી, શારીરિક સંલગ્નતા શક્ય નથી. આ માત્ર માનસિક પ્રવૃત્તિ હોય છે, અહીં પણ અમુક પ્રકારનું કૌશલ્ય વિકસતું હોય છે, તેની પણ આવશ્યકતા છે. સાંપ્રત સમયમાં આવી બાબતો પરંપરાગત ક્રિકેટના વિકલ્પ તરીકે નહીં પરંતુ અનિવાર્ય વિકલ્પ તરીકે લઈ શકાય.

જો કે આ શહેરની સ્થિતિ છે, ગામડામાં હજી વાસ્તવિક જીવંતતા બાકી છે. ગામડામાં હજી દોડાદોડ જોવા મળે છે, માલદડી રમાય છે, સંતાકૂકડીનું મહત્વ છે, લંગડીમાં જીતવાનો પ્રયત્ન થાય છે, સતોડિયાની મજા લેવાય છે, ઈન્દુ કે ઉભી ખો રમવા માટે પણ આગ્રહ રખાય છે. સાંપ્રત સમયે આ પ્રકારની મનોરંજક રમતો કે જેમાં શારીરિક અને માનસિક બંને પ્રકારે વિકાસ થાય, તેને શાળાના સ્તરે જ પ્રોત્સાહન મળવું જોઈએ. •

